Original Article
ISSN (Online): 2582-7472

ShodhKosh: Journal of Visual and Performing Arts
January-June 2022 3(1), 1093–1099

# UPANISHADS AND THEIR SIGNIFICANCE

# ઉપનિષદો અને તેની ઉપાદેયતા

Mahesh G. Patel [1], Pravinkumar Kalubhai Bariya [2]

[1] Assistant Professor, Postgraduate Sanskrit Department, Sardar Patel University. Vallabh Vidyanagar, India
[2] Ph.D Researcher, Postgraduate Sanskrit Department, Sardar Patel University. Vallabh Vidyanagar, India

## ABSTRACT

**English:** In the present times, it has become a habit to live life by getting momentary pleasure through modern technology. But there is no time left to try to turn the pages of real life. Man has the power to think, understand, work more than other creatures. For this reason, he wants to know new things and keeps striving to do something. Today's man does not believe in self-satisfaction and remains immersed in an imaginary world created with his own thoughts. What is self-knowledge or Brahman knowledge for him? How much can the existence of how to live life be? What are the stages of life and how can they develop or decay? How can they be cured? How can happiness, peace and contentment be achieved? How can one experience perfection and bliss in life? How can one reconnect with the original essence from which this life has been achieved after being separated from it? The answers to these questions are given in detail in the Upanishads.
Why are the texts (Upanishads) that have been collected in the past thousands of years of spiritual search experiences considered foremost and universally accepted even after thousands of years because they state the ultimate truth and that is not due to the logic of the intellect but because the sages themselves, after having personal experience, have said that the Parabrahman is the supreme and the four great verses that explain the Brahman-parak matter in different ways are the special seed and fruit of the Upanishads. In order to find true happiness and joy, one should go beyond all the thoughts and desires that arise by addressing the inert elemental body, the intellect and lust guided by narrow selfishness. What is the true nature of oneself and that world? In order to understand it, one should insist on understanding it, and in that self-experience, one should understand that in the contemplation of the pure one element, in the harmony of the soul, the soul and the Supreme Soul, there is the complete Parabrahman.

**Hindi:** પ્રવર્તમાન સમયમાં આધુનિક ટેકનોલોજી દ્વારા ક્ષણિક આનંદ મેળવી જીવન જીવવાની ટેવ પડી ગઈ છે. પરંતુ વાસ્તવિક જીવનના પાનાં ઉથલાવવાની કોશિશ કરવાનો સમય નથી રહ્યો. માણસ પાસે અન્ય જીવો કરતાં વિચારવાની, સમજવાની, કામ કરવાની શક્તિઓ રહેલી છે. આ કારણથી જ તે નવું નવું જાણવાની ઈચ્છા ધરાવતો હોય છે અને કંઇક કરવા મથતો રહે છે. આજનો માનવી આત્મસંતોષમાં માનતો નથી પોતાના વિચારોની સાથે કાલ્પનિક દુનિયામાં રચ્યો પચ્યો રહે છે. તેને આત્મજ્ઞાન કે બ્રહ્મજ્ઞાન શું છે ? જીવન કેવી રીતે જીવવું એનું અસ્તિત્વ કેટલું હોઇ શકે ? જીવનની અવસ્થાઓ કઈ કઈ હોય અને તેનો વિકાસ કે ક્ષય કઈ રીતે થઈ શકે ? નીરોગી કઈ રીતે થઈ શકાય ? સુખ, શાંતિ તેમજ પ્રસન્નતા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ? જીવનમાં પૂર્ણતા અને ધન્યતાનો અનુભવ કેવી રીતે મેળવી શકાય ? જેમાંથી વિખૂટા પડીને આ જીવન પ્રાપ્ત થયું છે એ મૂળ તત્ત્વ સાથે ફરી કેવી રીતે અનુસંધાન અને યોગ સાધી શકાય એવી બાબતોના ઉત્તર ઉપનિષદોમાં વિસ્તારથી આપેલા છે.

પૂર્વે હજારો વર્ષોના અધ્યાત્મની શોધના અનુભવો જેમાં એકઠા કરવામાં આવ્યા છે તે ગ્રંથ (ઉપનિષદો) આજે હજારો વર્ષો પછી પણ શા માટે અગ્રગણ્ય અને સર્વમાન્ય ગણાય છે કારણકે તેમાં છેવટનું સત્ય કહેવાયેલું છે અને તે બુદ્ધિના તર્કથી નહિ પણ ઋષિમુનિઓએ પોતે અંગત

**Corresponding Author**
Mahesh G. Patel,
maheshgpatel78@gmail.com

**DOI**
10.29121/shodhkosh.v3.i1.2022.5741

**Funding:** This research received no specific grant from any funding agency in the public, commercial, or not-for-profit sectors.

**Copyright:** © 2022 The Author(s). This work is licensed under a Creative Commons Attribution 4.0 International License.

With the license CC-BY, authors retain the copyright, allowing anyone to download, reuse, re-print, modify, distribute, and/or copy their contribution. The work must be properly attributed to its author.

OPEN ACCESS

અનુભવ લીધા પછી પરબ્રહ્મ જ સર્વોપરી છે એમ કહીને બ્રહ્મપરક વાતને જુદી જુદી રીતે સમજાવનારાં ચાર મહાવાક્યો એ ઉપનિષદોનું આગવું બીજ તેમજ ફળ છે તેમ જણાવ્યું. જડ તત્ત્વ શરીરને સંબોધીને ઊભા થતા વિચારો અને ઇચ્છાઓ, સંકુચિત સ્વાર્થથી દોરાયેલી બુદ્ધિ અને વાસના એ સર્વથી પર જઇને માણસે ખરું સુખ અને ખરો આનંદ શોધવા માટે પોતાનું અને તે જગતનું ખરું સ્વરૂપ શું છે ? તે સમજવાનો આગ્રહ રાખવો જોઇએ અને તે આત્માનુભવમાં જીવ, આત્મા અને પરમાત્માના સમન્વયમાં શુદ્ધ એક તત્ત્વના ચિંતનમાં પૂર્ણ પરબ્રહ્મ છે એવું સમજવું જોઇએ.


**Keywords:** Human Life, Soul Element, World, Paramatva, Creation, Knowledge of The Upanishads મનુષ્યજીવન, આત્મતત્ત્વ, સંસાર, પરમતત્વ, સૃષ્ટિ, ઉપનિષદોનું જ્ઞાન

## 1. प्रस्तावना

ચારેય વેદોનો નીચોડ જેમાં સંગ્રહ થયો છે તે ભાગને ઉપનિષદ કહેવામાં આવે છે. જેમાં મુખ્યત્વે અધ્યાત્મવિદ્યાનું નિરૂપણ કરવામાં આવેલું છે. આપણા ઋષિમુનિઓએ ભૌતિક જગતની અંદર છુપાયેલા પરમતત્ત્વનો વિચાર કરીને તેને જુદા જુદા દાર્શનિક વિષયોમાં મૂકવાનું કાર્ય કર્યું છે. જેમાં બ્રહ્મતત્ત્વ અને આત્મા અંતર્ગત સંપૂર્ણ જગતનું નિરૂપણ કરાયેલું છે. ઉપનિષદોમાં જીવન બાબતે ઘણાબધા સિધ્ધાંતોને વણી લેવામાં આવ્યા છે. જેમ કે બ્રહ્મતત્ત્વ શું છે ? આત્મા જેવું આ જગતમાં છે કે નહિ ? અદ્વૈતતત્ત્વ શું છે? પ્રાણ શું છે ? સૃષ્ટિની ઉત્પત્તિ કઇ રીતે થઇ ? કર્મના સિદ્ધાંતો કયા કયા છે ? જીવનમાં નૈતિકતા કેવી હોઇ શકે તેનો વિસ્તાર ઉપનિષદોમાં રહેલો જોવા મળે છે.

ઉપનિષદ એટલે નિશ્ચયપૂર્વક પાસે બેસવું. આ અર્થ ગુરુ શિષ્યની પરંપરામાંથી ઉતરી આવ્યો છે. શિષ્ય ગુરુ પાસે બેસીને જ્ઞાન-વિજ્ઞાનથી ભરેલા અનેક ગૂંચવણો ભર્યા રહસ્યનો ઉકેલ મેળવે છે. ત્યાં એવા ગૂઢ રહસ્યની વાત કરવામાં આવી છે કે જેનો કોઇ અંત ના હોય. તેથી ત્યાં (ગુરુ પાસે) જઇને સત્યને પામવું  કે સત્ય વસ્તુને જાણવું એવો આશય રહેલો છે. વળી જગતમાં દરેક પુરુષ જ્ઞાનની નજરે કેવો અને કેટલા શાસ્ત્રોનો જાણકાર છે તેતો તેના વ્યક્તિત્વની વાત છે પણ દરેક વ્યક્તિનું ખરું સ્વરૂપ તો તેની અંદર અને બહાર રહેલું પરમતત્ત્વ જ છે ત્યાં નાનો-મોટો, ઊંચ-નીચ પુણ્યવાન કે પાપી એવા ભેદો રહેતા નથી. એવું જ્ઞાન પ્રાપ્ત કરવા તત્ત્વદર્શી  ગુરુઓ પાસે તત્ત્વના જ્ઞાન અર્થે બેસવું તેને ઉપનિષદ કહેવામાં આવે છે.

ઉપનિષદ્ શબ્દની વ્યુત્પત્તિ જોઇએ તો ઉપ+નિ+સદ્ એટલેકે ઉપ અને નિ ઉપસર્ગની સાથે સદ્ ધાતુને क्विप् પ્રત્યય લાગીને ઉપનિષદ્ શબ્દ બને છે.[i] જેનો અર્થ નજીક બેસવું એવો થાય છે. પરંતુ અહીં કોની નજીક ? એવો પ્રશ્ન થતાં સમજાયછે કે શિક્ષા (જ્ઞાન) પ્રાપ્તિ માટે ગુરુની નજીક બેસવું એવો અર્થ થાય છે. સદ્ ધાતુના ત્રણ અર્થ છે.



એવી વિદ્યા અથવા શિક્ષા કે જેનાથી આપણો ભ્રમ દૂર થયો હોય જેનાથી સંસારના સમસ્ત જીવોની અવિદ્યા (અજ્ઞાન) નાશ પામી જાય એવું જ્ઞાન તે ઉપનિષદ્.

એવું જ્ઞાન કે એવા ગુપ્ત રહસ્યનો સિદ્ધાંત કે જે આપણને ગુરુ દ્વારા પ્રાપ્ત થયો હોય. જેનાથી બ્રહ્મની પ્રાપ્તિ થાય તેવા ઉપાયોનું નિરૂપણ જેમાં કરવામાં આવ્યું છે તે ઉપનિષદ્.

ઉપનિષદોનો મુખ્ય અર્થ બ્રહ્મવિદ્યાનું નિરૂપણ કરવું એવો થાય છે. બ્રહ્મજ્ઞાનને જ ઉપનિષદ્ કહેવામાં આવે છે કારણકે એવી વ્યક્તિઓ કે જેમણે પોતાને માટે અથાગ પરિશ્રમ કરીને બ્રહ્મજ્ઞાન મેળવ્યું હોય. જેના પરિશીલનથી ગર્ભવાસ વગેરે સંસારના દુઃખો, જન્મ-મરણના બંધનો શિથિલ થઈ જાય છે તેવી વિદ્યા અથવા જ્ઞાનનો સંગ્રહ જેમાં છે તે ઉપનિષદ્.

આમ આવો વ્યાપક અર્થ સમજાય છે કે જે વિદ્યા પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે, માયાનો નાશ કરે અને સંસારના બંધનોને શિથિલ કરે તેને ઉપનિષદ્ કહેવાય છે.

ઉપનિષદોનું લક્ષ્ય એટલું બધું દાર્શનિક સત્ય સુધી પહોંચવાનું નથી હોતું પરંતુ સત્યની ખોજ કરવી એ છે. જગતમાં રહેલા પદાર્થો અને તેના ગૌણ કારણોથી સંતોષ પ્રાપ્ત નહિ થાય એવા પ્રશ્નો ઉદ્ભવે છે જેમકે આપણે ક્યાંથી ઉત્પન્ન થયા છીએ ? આપણે શેમાં નિવાસ કરીએ છીએ ? હવે પછી ક્યાં જઈશું ? અહીં સુખ અને દુઃખની સત્તા કોની પાસે છે ? આવા પ્રશ્નોના ઉત્તર ઉપનિષદોમાં વ્યાખ્યા સહિત આપવામાં આવ્યા છે. જેમાં અધ્યાત્મવિદ્યામાં જ પરમ સત્તા, જગતનું સ્વરૂપ તેમજ સૃષ્ટિ પ્રક્રિયાનો સમાવેશ થઇ જાય છે. ઉપરાંત વ્યક્તિનું અંતિમ લક્ષ્ય, આદર્શ, કર્મમાંથી મુક્તિ વગેરે જેવી ચર્ચાઓ ઉપનિષદોમાં જોવા મળે છે. મનુષ્ય અવતારનું પ્રયોજન, સફળતા તથા સાર્થકતા, મનુષ્ય શરીર, વિવિધ રૂપો, વિવિધ કોષો તેમજ જ્ઞાનેન્દ્રિયો, અંતઃકરણ દ્વારા ભાસતું વિશ્વ વગેરેને સમજવા માટે આવશ્યક વિદ્યાજ્ઞાન વગેરે જેવા પ્રશ્નો માનવીના મનમાં ઉદ્ભવતા તમામ ઉપનિષદો તેનો ઉત્તર આપે છે.

ઉપનિષદોનો સંબંધ વેદોની શાખાઓ સાથે રહેલો હોવાથી તેમાં સંસારના બંધનોમાંથી મુક્ત કરનારી અને પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવનારી વિદ્યાનો ઉપદેશ રહેલો છે. મુક્તિકોપનિષદના આધારે ઉપનિષદોની સંખ્યા ૧૦૮ માનવામાં આવે છે.[ii]

- **ઋગ્વેદસબંધી–૧૦,** **શુક્લયજુર્વેદસબંધી- ૧૯**
- **કૃષ્ણયજુર્વેદસબંધી- ૩૨,** **સામવેદસબંધી- ૧૬**
- **અથર્વવેદસબંધી - ૩૧**

આચાર્ય બલદેવ ઉપાધ્યાય પોતાના પુસ્તક ભારતીય દર્શનમાં નોંધે છે કે મદ્રાસની થીયોસોફિકલ સોસાયટીએ લગભગ ૬૦ જેટલા એવા ઉપનિષદો પ્રકાશિત કર્યા કે જે અત્યાર સુધી ક્યાંય પણ પ્રકાશિત ન હતા. પરંતુ તેમાંય કેટલાકનું અનુવાદ ૧૭ મી સદીમાં દારાશિકોહ દ્વારા ફારસી ભાષામાં કરવામાં આવ્યું હતું.[iii] આ દારાશિકોહ આધ્યાત્મિક વિદ્યાનો પ્રેમી હતો એમ કહેવાય છે. ઉપનિષદોમાં રહેલી આવી આધ્યાત્મિક વિદ્યાઓથી પ્રભાવિત થઈને તેણે કેટલાક મહત્વપૂર્ણ ઉપનિષદોનો ફારસી ભાષામાં અનુવાદ કર્યો હતો. આ ઉપરાંત લેટિન ભાષામાં પણ અનુવાદ કર્યો હતો. જેને વાંચીને યુરોપીય દાર્શનિકો આ ગ્રંથોના (ઉપનિષદોના) ગાંભીર્ય અર્થને સમજવા પ્રેરાયા હતા.

આ ઉપનિષદોમાં પણ લગભગ એક ડઝનથી વધારે (૧૨થી૧૪) જેટલા ઉપનિષદો જ એવા છે કે જે વેદાંતના તત્ત્વોનું પ્રતિપાદન કરે છે. તેથી તેમની રચના અત્યંત પ્રાચીન માનવામાં આવે છે. જેમાં નીચે મુજબના ઉપનિષદોનો સમાવેશ થાય છે.

**ईश- केन - कठ - प्रश्न - मुण्ड - माण्डुक्य - तित्तिरः।**

**एतरेयंचछान्दोग्यंबृहदारण्यकंतथा।।**

**मुक्तिकोपनिषद्.३०**

- **ઋગ્વેદીય ઉપનિષદ્ -** એતરેય ઉપનિષદ્
  કૌષીતકી ઉપનિષદ્.
- **સામવેદીય ઉપનિષદ્ -** કેનોપનિષદ

છાંદોગ્ય ઉપનિષદ.

- **કૃષ્ણયજુર્વેદીય ઉપનિષદ્-** તૈતિરીય, મહાનારાયાણ, કઠોપનિષદ, શ્વેતાશ્વતર અને મૈત્રાયાણી.
- **શુક્લયજુર્વેદીય ઉપનિષદ્-** ઈશાવાસ્ય ઉપનિષદ અને બૃહદારણ્યક ઉપનિષદ.
- **અથર્વવેદીય ઉપનિષદ્-** મુંડકોનિષદ
  માંડૂક્યોપનિષદ
  પ્રશ્નોપનિષદ.

જગતના દરેક મનુષ્યને સતાવતો પ્રશ્ન કે આત્મા જેવું કંઈક છે તેનું જ્ઞાન કેવી રીતે મેળવવું એ વાતને લઇને છેક સૃષ્ટિ રચનાને લઈને વ્યક્તિએ પોતાના જીવનમાં અપનાવવાના આદર્શોનું જ્ઞાન ઐતરેય ઉપનિષદમાંથી મળે છે. આ ઉપરાંત **प्रज्ञानंब्रह्म**[iv] ને સમજાવતાં મનુષ્ય જન્મ, જીવન અને મરણની વિગતે ચર્ચા કરી આત્માના સ્વરૂપનું દર્શન કરાવી આપે છે. જગતના જીવોને આત્માનું જ્ઞાન ઇન્દ્રિયો દ્વારા જ થાય છે તેમ કહીને સમસ્ત જીવોને ઇન્દ્રિયો દ્વારા જ પરબ્રહ્મનું જ્ઞાન થાય છે.[v] એમ જણાવ્યું છે.

કૌષીતકી ઉપનિષદમાં મનુષ્યના મૃત્યુ પછીની ગતિઓ બાબતે હંમેશા ઘણી બધી ચર્ચાઓ ચાલી આવતી હોય છે જે સમગ્ર મનુષ્યોના મનમાં ભ્રમ પેદા કરનાર સૌથી શક્તિશાળી વાતને વિસ્તારથી સમજાવીને આત્માની ગતિ તેમજ આત્માને જ પ્રાણનું પ્રતિક માની તે જગતના સર્વ પ્રાણીઓમાં રહેલો છે તેમ કહીને પ્રાણતત્વનું જ્ઞાન કરાવે છે.

કેનોપનિષદ અહીં સ્વાભાવિક રીતે તમામના મનમાં સર્વત્ર ભાસતું વિશ્વ અને બ્રહ્મ એ ખરેખર રહસ્યમય છે તે બંનેમાં જુદાપણું રહેલું છે તેમ કહી તે બ્રહ્મતત્ત્વમાં ઉપાસ્યબ્રહ્મ અને નિર્ગુણબ્રહ્મ વચ્ચેના ભેદને બતાવી સર્વ મનુષ્યોના મનમાં રહેલી ગૂંચવણો દૂર કરવાના ઉપાયો બતાવ્યા છે.[vi] જેનાથી સૃષ્ટિનો કોઈપણ જીવ સત્ કાર્ય કરવા માટે પ્રેરાય.

यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः।

अविज्ञातं विजानतां विज्ञातमविजानताम् ।। २/३

છાંદોગ્ય ઉપનિષદ સામ મંત્રોનું ગાન કરવા માટે કુશળ આચાર્યોની વાત કરવામાં આવી છે. જેમાં ૐ ની ઉત્પત્તિ, સામગાનનું વાસ્તવિક સ્વરૂપ, બ્રહ્મથી વ્યક્ત એવા સૂર્યની ઉપાસના, અંગિરસ દ્વારા કૃષ્ણને અપાયેલ અધ્યાત્મવિધા તેમજ અંડાકારમાંથી સૂર્યની ઉત્પત્તિનું વર્ણન આ ઉપનિષદમાં કરાયેલું છે. આ ઉપરાંત સત્યકામ જાબાલ, રૈકય વગેરેના આખ્યાનથી બ્રહ્મનું સ્વરૂપ બતાવીને तत्त्वमसि મહાવાક્યની યથાર્થતા કહેવામાં આવી છે. વળી કહેવામાં આવ્યું છે કે જગતની સર્વોચ્ય સત્તા બ્રહ્મ જ છે જેમાંથી પ્રત્યેક વસ્તુની ઉત્પત્તિ થાય છે. सर्वंखल्विदंब्रह्म ।[vii] વાક્યની સાર્થકતા સમજાવી દરેક મનુષ્યને બ્રહ્મનું જ્ઞાન કરાવી આપ્યું જે જગતના સર્વ મનુષ્યોને ઉપયોગી છે. આ ઉપરાંત જુદા જુદા કર્મોનું ફળ તેમજ ભેદ બતાવવામાં આવ્યો છે. ૫/૧૦/૧-૮ વળી તેમાં જ ૩/૧૭/૪ માં જીવનમાં તપસ્યા , દાન, આર્જવ, અહિંસા અને સત્ય વચનને કેવી રીતે ગ્રહણ કરવું તે જણાવ્યું છે.

તૈતિરીય ઉપનિષદ્ જગતમાં પ્રાચીન સમયમાં જે શિક્ષણ પદ્ધતિ હતી તેનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ઉચ્ચારણ વિધિ તેમજ ગુરુજી દ્વારા વિધા પ્રાપ્ત કરનારને આપવામાં આવતો ઉપદેશ કે જેમાં सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः । आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सीः । सत्यान्न प्रमदितव्यम्धर्मान्न प्रमदितव्यम् । १.११, मातृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव । यान्यनवद्यानि कर्माणि । तानि सेवितव्यानि । नो इतराणि ।[viii] વગેરે સમજાવીને બ્રહ્મ વિષયક વાત કરતા કહ્યું કે તે सत्यं ज्ञानमनन्तं ब्रह्म જેવું છે. તેમાંથી આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, વનસ્પતિ, અન્ન અને પુરુષની ઉત્પત્તિ થઈ છે તેમ જણાવ્યું છે. વળી તૈતિરીય ઉપનિષદમાં વરુણના પુત્ર ભૃગુ પોતાના પિતા પાસેથી બ્રહ્મની જિજ્ઞાસા કરે છે. ત્યારે તેના પિતા દ્વારા यतो वा इमानि भूतानि जायन्ते । येन जातानि जीवन्ति । यत्प्रयन्त्यभिसंविशन्तीति । तद्विजिज्ञासस्व तद्ब्रह्मेति ।[ix] કહીને જેમાંથી બધા પદાર્થો ઉત્પન્ન થાય છે અને જીવિત રહે છે તથા અંતે જેમાં લીન થઇ જાય

છે તે બ્રહ્મ છે એમ સમજાવે છે. વરુણ અને ભૃગુના આખ્યાન દ્વારા અન્ન, પ્રાણ, મન, વિજ્ઞાન તથા આનંદથી આ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થયા કરે છે. તેવો વિશ્વાસ સંપાદન કરી બતાવ્યો છે. જે આજના સમયમાં ખૂબ આવશ્યક જ્ઞાન ગણાય છે.

મહાનારાયણ ઉપનિષદમાં નારાયણને પરમતત્ત્વના સ્વરૂપમાં વર્ણવેલો છે. છતાં તેમાં અમુક જગ્યાએ રુદ્રની સ્તુતિ કરેલી છે. તેથી તેમાં કર્મકાંડ પર ભાર મૂકી તમામ મનુષ્યોને કર્મ કરવા પ્રત્યે પ્રેર્યા છે. જેનાથી એટલું તો ચોક્કસ કહી શકાય છે કે જગતમાં નિઃસ્વાર્થ ભાવે કર્મો કરતાં રહીને જીવન વ્યતીત કરવું જોઈએ.

કઠોપનિષદ જગતના ભૌતિક પદાર્થોની અસત્યતા સબંધિત વિચારોનો વિમર્શ કરવામાં આવ્યો છે. યમ અને નચિકેતાના સંવાદ દ્વારા પ્રેય વસ્તુ સુખ આપે છે અને શ્રેય આધ્યાત્મિક સુખ આપે છે તેમ સ્પષ્ટપણે ખુલાસો કરી સમગ્ર માનવજાતને શ્રેયકારી કર્મો કરવા પ્રવૃત્ત કરવાની હિંમત આપી છે.[x] આવી ઉત્કૃષ્ટ ત્યાગની ભાવના સમગ્ર માનવજાતને આપીને સત્ય જાણવા પ્રવૃત કર્યા છે જે ઉપનિષદની આગવી વિશેષતા જણાય છે.

શ્વેતાશ્વતર ઉપનિષદ્ અહીં જગતના મનુષ્યોમાં બ્રહ્મની વ્યાપકતા અને તેનો સાક્ષાત્કાર કઈ રીતે કરી શકાય તેના ઉપાયોનું વર્ણન બતાવવામાં આવ્યું છે. તથા આ ગહન સંસારમાં તે અનાદિ અનંત વિશ્વના રચયિતા અનેકરૂપ વિશ્વને એક માત્ર વ્યાપ્ત કરનારા દેવને જાણીને જીવ તમામ પાશોથી મુક્ત થઇ જાય છે. જેનાથી મનુષ્યો આ લોકમાંપરમાનંદની અનુભૂતિ સાથે જીવન વ્યતીત કરે[xi] એ વાત સંસારી જીવને ખૂબ આકર્ષી લે છે.

મૈત્રાયણી ઉપનિષદમાં રાજા બૃહદ્રથ અને ઋષિ શાકટાયનનો સંવાદ છે જેમાં ઋષિ રાજાને મૈત્રી દ્વારા કહેલ બ્રહ્મ વિષયક વિચારની સમજૂતી કરાવતાં આત્માનું ભૌતિક શરીરમાં પ્રવેશ, પરમાત્માનું ભૂતાત્મામાં પરિણમન કરવું તેની મુક્તિનો ઉપાય બતાવે છે. આ ઉપરાંત પ્રકૃત્તિના ત્રણ ગુણોનો ઉદ્ભવ બ્રહ્મા, વિષ્ણુ તથા રૂદ્રમાંથી બતાવવામાં આવ્યો છે. જે આજના મનુષ્યમાં સર્વ પ્રકારના થતા સંશયને મટાડી દે છે.

ઈશાવાસ્ય ઉપનિષદ મનુષ્ય જીવનમાં ભોગોની વિલાસતા કેટલા અંશે રહેલી છે તેના માટે કેવા ઉપાયો કરવા જોઈએ તે બાબતને લઇને અહીં કહેવાયું છે કે ત્યાગપૂર્વક ભોગો ભોગવવા, કર્મની નિષ્કામતા, આત્માનું મહત્વ, એકત્વ ભાવનાનું ફળ, વિધા અને અવિધાનો સંબંધ તેમજ પરમાત્માનું સ્વરૂપ જેવા વિષયોની ચર્ચા મનુષ્યોના જીવનમાં કલ્યાણકારક બને તેમ જણાવ્યું છે. આત્માકલ્યાણ અર્થે જ્ઞાન અને કર્મ બંનેના અનુષ્ઠાનને આવશ્યક ગણાવતાં કહ્યું છે કે अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते ૧૧. આ ઉપરાંત મૃત્યુ સમયે મનુષ્ય દ્વારા કરવામાં આવેલી પ્રાર્થના છેલ્લા મંત્રોમાં કરવામાં આવી છે हिरण्यमयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् । तत्वं पूषन्नपावृणु सत्यधर्मायदृष्टये।। ૧૫ એવા આવરણને દૂર કરવા વિચારે છે જેનાથી સત્યનું મુખ જોઈ શકે. અને જો સત્યને જોઈ લેવામાં આવે તો પરમાનંદની પ્રાપ્તિ થાય એમ પણ કહેવામાં આવ્યું છે.

બૃહદારણ્યક ઉપનિષદ જીવનમાં યજ્ઞ કરવાના ફળ તેમજ તેનાથી બ્રહ્મની પ્રાપ્તિ, બ્રહ્મથી જગતની ઉત્પત્તિ, પ્રાણની શ્રેષ્ઠતા અને આત્માની વ્યાપકતાની ઝીણવટ પૂર્વક વાત કરાઈ છે. તેમાં ગાર્ગ્યએ અજાતશત્રુને સમજાવેલ બ્રહ્મના સ્વરૂપની વાત પણ અત્યંત નોંધપાત્ર છે. યાજ્ઞવલક્ય અને તેમની પત્ની મૈત્રેયીનો સંવાદ અત્યંત રોચક શૈલીમાં રજૂ થયો છે જેમાં આત્માના સ્વરૂપને વિસ્તારથી વર્ણવતા કહ્યું છે કે न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवति, आत्मनस्तु कामाय पतिः प्रियो भवति ૨/૪/૫. મધુવિધા વિષયક વાત પણ કરાઈ છે બ્રહ્મની વ્યાપકતાનો ઉપદેશ કરતા કહ્યું છે કે अयमात्मा सर्वेषां भूतानां मधु, आत्मनः सर्वाणि भूतानि मधुर /૫/૧૪.[xii] જનકને યાજ્ઞવલ્કયે આપેલો બ્રહ્મ વિષયક ઉપદેશ પણ માનવીને અત્યંત ઉપયોગી જણાવતા अहंब्रह्मास्मि । મહાવાક્યની યથાર્થતા સમજાવે છે. ઉપરાંત સત્કર્મ કરવાનો ઉપદેશ આપતાં જણાવ્યું છે કે મનુષ્ય સત્કર્મથી જ પુણ્ય આત્મા બને છે અને પાપકર્મથી પાપી બને છે. पुण्यो वै पुण्येन कर्मणा भवति, पापः पापेनेति । ३/२/१३, મનુષ્યને જે પ્રકારનો વસ્તુઓમાં રાગ રહેશે તે તેવો જ સંકલ્પ કરશે અને આવા સંકલ્પો અનુસાર જ તે કર્મ કરતો રહે છે. કર્મને આધીન જ તેની ગતિ મેળવે છે. अथो खल्वाहुः काममय एवायं पुरुष इति; स यथकामो भवति, तत्क्रतुर्भवति, यत्क्रतुर्भवति तत्कर्म कुरुते, यत्कर्म कुरुते तदभिसम्पद्यते । ४/४/५. વળી સમગ્ર વિશ્વને પ્રભાવિત કરતું મૈત્રેયી નું કથન येनाहं नामृता स्यां किमहं तेन कुर्याम् । २/४/३ જે વસ્તુ મને અમરતા આપી નહિ શકે તેને લઈને હું શું કરું? આવો તટસ્થ વૈરાગીભાવ તેમજ સમસ્ત ભૌતિકવસ્તુઓની નિ:સારતા બતાવી છે.

મુંડકોપનિષદ અહીં મનુષ્યને મનમાં અધ્યાત્મશાસ્ત્ર શું છે તેનું સમાધાન બતાવતાં બ્રહ્માએ પોતાના પુત્ર અથર્વાને જે અધ્યાત્મશાસ્ત્રનો ઉપદેશ આપ્યો છે તે સમગ્ર વિશ્વમાં દરેક માનવીને અત્યંત સ્પર્શી જાય તેવો છે. જેમાં વિદ્યા અને અવિદ્યા જેવા ભેદો દ્વારા પરાવિદ્યા તેમજ અપરાવિદ્યા વિષયક ચર્ચા કરતા વેદો, વેદાંગો વગેરે અપરાવિદ્યા છે અને બ્રહ્મજ્ઞાન એ પરાવિદ્યા છે તેમ જણાવતા કહ્યું अथ परा यया तदक्षरम्धिगम्यते । ૧/૧/૫. આ જાણવા માટે જ ગુરુની પાસે જવું જોઇએ એમ તમામને જણાવ્યું છે. તેમાં બ્રહ્મના રૂપનું વર્ણન, બ્રહ્મ સાક્ષાત્કાર થવાથી હૃદયગ્રંથિઓ જુદી પડી જાય છે અને બધા જ પ્રકારના સંશયો દૂર થઇ જાય છે. સમસ્ત કર્મોના કોષો ક્ષીણ થઇ જાય છે. તેમ થવાથી હંમેશા સત્યની પ્રાપ્તિ થાય છે અને મૂળ વસ્તુનું જ્ઞાન થાય છે. તેના માટે સમસ્ત વિશ્વને सत्यमेव जयते नानृतं सत्येन पन्था विततो देवयानः । ૩/૧/૬ સંદેશો આપ્યો છે. વળી મનુષ્ય જીવનમાં કામના કરનારનો પુનર્જન્મ અને કર્મની કામના કરનારનો મોક્ષ થાય છે. અને બ્રહ્મને જાણવાથી બ્રહ્મમાં જ ભળી જવાની ભાવના દર્શાવતા ब्रह्म वेद ब्रह्मैव भवति । ૩/૨/૯. કહીને સંસારને અમૃતમય ઉપદેશ આપ્યો છે.

માંડુક્યોપનિષદ અહીં ૐ કારની મહત્તા બતાવી છે જગતના ત્રણેય કાળ ૐ જ છે તથા આ આત્મા જ બ્રહ્મ છે. अयमात्माब्रह्म ।[xiii] એમ પુરવાર કરે છે. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ તથા તુરીય અવસ્થાઓમાં ૐ એ તુરીય અવસ્થાનું પ્રતીક છે. આમ અહીં અદ્વૈતનું પ્રતિપાદન કરી સમસ્ત જીવ સમુદાયને પરબ્રહ્મ વિશે અવગત કરે છે.

પ્રશ્નોપનિષદ મનુષ્યજીવનમાં સતત સતાવતો પ્રશ્ન કે આ સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઇ ? તેને ધારણ કરનાર એવા તે કેટલા દેવતાઓ હશે ? તેને કોણ પ્રકાશિત કરી રહ્યું હશે ? તે દેવતાઓમાં શ્રેષ્ઠ કોણ ? આવા પ્રકારના પ્રશ્નોની વિસ્તારથી સમજૂતી કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રાણની ઉત્પત્તિ ક્યાંથી થઇ ? શરીરમાં તેનો પ્રવેશ તથા તેનું ઉત્ક્રમણ કેવી રીતે થાય ? આત્માની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ આ ત્રણેય અવસ્થાનું રહસ્ય શું છે ? ઓમ કારની ઉપાસનાથી કયા લોકપર વિજય પ્રાપ્ત કરી શકાય ? વળી સોળેય કળાઓથી યુક્ત પુરુષનું સ્વરૂપ કેવું હોય ? વગેરે જેવા અધ્યાત્મને લગતા પ્રશ્નોનું સમાધાન કરી મનુષ્યને એક સુખી જીવન જીવવાનો નવો રાહ બતાવ્યો છે. તે જ્ઞાન જ ઉપનિષદોનું હાર્દ છે તેમ કહી શકાય છે.

આમ દાર્શનિક દૃષ્ટિકોણથી જોવા જઇએ તો આ તમામ ઉપનિષદોના સિધ્ધાંતો દ્વારા જગતની ભૌતિક વસ્તુઓમાંથી મનને નિવૃત્ત કરી તે તમામ પદાર્થો અનિત્ય અને ક્ષણભંગુર છે તેમ સમજાય છે તેમજ જ્ઞાનની અમરતા પ્રત્યે માર્ગ ચિંધનાર આ ઉપનિષદોમાં જીવનની પ્રત્યેક ક્રિયાઓમાં શ્રેય અને પ્રેયનું સતત માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જેનું અનુસરણ કરીને મનુષ્યોએ પોતાનું જીવન સંસાર પ્રત્યેના મોહમાં વશ ન થતાં નિષ્કામ ભાવે કર્મો કરી વ્યતીત કરવું જોઇએ. તેથી જ તો ઉપનિષદોએ સમગ્ર વિશ્વને तेनत्यक्तेनभूज्जीथा: । નો કલ્યાણકારી શ્રેષ્ઠ જીવન મંત્ર આપ્યો છે.

---

[i] संस्कृत साहित्य का इतिहास- डॉ.उमाशंकर ऋषि, चौखंबा भारती अकादमी प्रकाशन-गोकुलभवन, वाराणसी - २२१००१, संस्करण - २०१७, पृ-७४

[ii] મુક્તિકા ઉપનિષદ- આશિષ ઉપેન્દ્ર મહેતા, પાર્શ્વ પબ્લિકેશન : અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૨૪, પૃષ્ઠ-૨૮-૩૦.

[iii] भारतीय दर्शन – आचर्य बलदेव उपाध्याय – चौखम्भा संस्कृत भवन,वाराणसी- २२१००१, प्रथम संस्करण -२०७८, पृ-३७-३८.

[iv] ईशादि नौ उपनिषद् शाङ्करभाष्यार्थ, गीताप्रेस गोरखपुर, सं.२०७९, इक्कीसवा संस्करण, पृ-८८७

[v] ઐતરેય ઉપનિષદ- શ્રી વાસુદેવ મહાશંકર જોષી,ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ- ચોથી આવૃત્તિ-૨૦૧૪,પૃષ્ઠ-77

[vi] एकादशोपनिषद्, विद्यामार्तण्ड डा. सत्यव्रत सिद्धान्तालंकार, विजयकृष्ण लखनपाल, नई दिल्ली- ४८, नवीन संस्करण, पृ- ३४-३६

[vii] छान्दोग्योपनिषद् - राय बहादुर बाबूजालिमसिंह, मुंशी नवलकिशोर सी. आई. ई के छापखाने में छापा, सन्-१९१७ ई. प्रथम संस्करण, पृ-३२३-३२५

[viii] एकादशोपनिषद्, विद्यामार्तण्ड डा. सत्यव्रत सिद्धान्तालंकार, विजयकृष्ण लखनपाल, नई दिल्ली- ४८, नवीन संस्करण, पृ-२३०-२३२

[ix]एकादशोपनिषद्, तदैव-पृ-२५४-२५६

[x]कठोपनिषद - डॉ. राकेश शास्त्री, चौखंबा ओरियन्टालिया, दिल्ली - ११०००७, प्रथम संस्करण -२०२०, पृ- २८०

[xi] શ્વેતાશ્વેતર ઉપનિષદ – વાસુદેવ મહાશંકર જોષી, ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પાંચમીઆવૃત્તિ-૨૦૧૭, પૃ-૧૬૮.

[xii]બૃહદારણ્યક ઉપનિષદ - ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ત્રીજી આવૃત્તિ-૧૯૮૨, પૃ- ૮૦-૮૨

[xiii]માંડુંક્યોપાનિષદ – સ્વામીપ્રણવતીર્થ, ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય અમદાવાદ- છઠ્ઠી આવૃત્તિ-૨૦૧૬, પૃ-૨૨.